કર્મચારીઓને નવેમ્બર 2025 થી વેતન મળેલ નથી

પગાર નહીં તો કામ નહીં, 1 મે થી રાજ્યભરમાં તમામ કામગીરી ઠપ કરવાની મનરેગા કર્મચારીઓની ચીમકી

અગાઉ 16 એપ્રિલે કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવ્યા છતાં કોઈ નિરાકરણ આવેલ નથી

(પ્રતિનિધિ) વડોદરા. તા.24

રાજ્યમાં મનરેગા યોજના હેઠળ ફરજ બજાવતા હજારો કર્મચારીઓ લાંબા સમયથી પડતર માંગણીઓ અને પગાર ચુકવણીના અભાવે ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. નવેમ્બર 2025થી સતત પગાર બાકી રહેતા કર્મચારીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને તેમના રોજિંદા જીવન પર તેની સીધી અસર પડી રહી છે. ઘરખર્ચ, બાળકોના શિક્ષણ અને અન્ય આવશ્યક જરૂરિયાતો પૂરી કરવામાં મુશ્કેલીઓ ઉભી થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 'ઓલ ગુજરાત મનરેગા કર્મચારી યુનિયન' દ્વારા સરકાર સામે આંદોલન તેજ બનાવવામાં આવ્યું છે. યુનિયને ચેતવણી આપી છે કે જો 1લી મે 2026 સુધી બાકી રહેલાં વેતનનું ચૂકવણું નહીં કરવામાં આવે, તો રાજ્યભરના તમામ કર્મચારીઓ મનરેગા યોજનાની કામગીરી સંપૂર્ણપણે બંધ કરી દેશે.

યુનિયનના મહામંત્રી વિશ્વાસ ડી. જોષી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન મુજબ, કર્મચારીઓને છેલ્લા અનેક મહિનાથી પગાર મળ્યો નથી. આ અગાઉ 16 એપ્રિલ 2026ના રોજ કર્મચારીઓએ કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવ્યો હતો, છતાં તંત્ર તરફથી કોઈ સકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. જેના કારણે કર્મચારીઓમાં અસંતોષ વધુ ગાઢ બન્યો છે અને હવે તેઓ લડતને વધુ તેજ બનાવવાના મૂડમાં છે.

આ મામલે યુનિયન દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરાયેલા કેસ નં. 8999/2025 અને 9440/2025ની સુનાવણી દરમિયાન કોર્ટે નોંધપાત્ર ટિપ્પણી કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, જો કર્મચારીઓને ચારથી પાંચ મહિના સુધી પગાર ન મળ્યો હોય, તો તેઓ 'નો પે-નો વર્ક'નો નિર્ણય લે, તો તેને સ્વીકારવો પડશે. આ ટિપ્પણી બાદ યુનિયન વધુ આક્રમક વલણ સાથે આગળ વધી છે અને સરકાર પર દબાણ વધારવા માટે તૈયાર થઈ ગઈ છે.

યુનિયનના નિર્ણય મુજબ, 1લી મે 2026થી કોમ્પ્યુટર આધારિત તમામ ઓનલાઈન કામગીરી, ફિલ્ડ વર્ક, EKYC, જીયો ટેગિંગ તેમજ ઓફિસની વહીવટી કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. કર્મચારીઓ ઓફિસમાં હાજર રહી કાળી પટ્ટી બાંધીને શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવશે. ઉપરાંત, મનરેગા સિવાયની કોઈપણ વધારાની કામગીરી સોંપવામાં આવશે તો તે પણ કોઈ સંજોગોમાં કરવામાં નહીં આવે.

કર્મચારીઓ માત્ર પગાર નહીં પરંતુ પીએફ, પગાર વધારો અને અન્ય પડતર માંગણીઓ માટે પણ સંઘર્ષ કરી રહ્યા છે. યુનિયને આ અંગે ગ્રામ વિકાસ વિભાગ, કલેક્ટર, ડીડીઓ સહિતના અધિકારીઓને લેખિતમાં જાણ કરી છે. જ્યાં સુધી બાકી ચૂકવણી અને અન્ય પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે, ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે. હવે જોવું રહ્યું કે સરકાર 1લી મે પહેલાં કોઈ ચોક્કસ અને અસરકારક નિર્ણય લઈને આ સ્થિતિને શાંત કરે છે કે નહીં.

NOTA' ના અધિકાર અંગે જાગૃતિ લાવવા કલેક્ટરને આવેદન

(પ્રતિનિધિ) વડોદરા. તા.24

વડોદરા મહાનગરપાલિકાની 26 એપ્રિલ, 2026ની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે અને તમામ પક્ષો પ્રચારમાં વ્યસ્ત છે. આ વચ્ચે સામાજિક કાર્યકર અતુલ ગામેચીએ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી મતદારોમાં 'NOTA' અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ મતદારોને તમામ ઉમેદવારોને નકારવાનો અધિકાર મળ્યો છે અને EVMમાં 'NOTA' બટન દ્વારા તેનો ઉપયોગ કરી શકાય છે. તેમ છતાં ચૂંટણી તંત્ર દ્વારા તેની પૂરતી માહિતી આપવામાં આવતી નથી, જે ગંભીર બેદરકારી ગણાય. ગામેચીએ જણાવ્યું કે 'NOTA' નકારાત્મક મત નહીં, પરંતુ સજાગ અને જવાબદાર મતદારની ઓળખ છે. આ વિકલ્પ દ્વારા મતદારો પોતાની અસંતોષ વ્યક્ત કરી શકે છે અને રાજકીય પક્ષોને સંદેશ આપી શકે છે. તેમણે મતદારોને અપીલ કરી કે તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ વિચારપૂર્વક કરે.

રાજકીય ગરમાવા વચ્ચે સામાન્ય જનતા બેહાલ

વડોદરામાં ભાજપની રેલીના શક્તિ પ્રદર્શનમાં ફસાઈ 'શબવાહિની'

વોર્ડ નં.13ની પ્રચાર રેલીએ રસ્તાઓ રૂંધ્યા, જૂની કલેક્ટર કચેરી પાસે વાહનોની લાંબી કતારો લાગી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરમાં ચૂંટણીના માહોલ વચ્ચે રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવતા પ્રચાર-પ્રસારમાં ક્યારેક સામાન્ય જનતાની હાલાકી પરાકાષ્ઠાએ પહોંચતી હોય છે. આવો જ એક કિસ્સો વડોદરા શહેરમાંથી સામે આવ્યો છે, જ્યાં ભારતીય જનતા પાર્ટીની રેલીને કારણે સર્જાયેલા ટ્રાફિક જામમાં એક શબવાહિની અટવાઈ પડી હતી. જીવનના અંતિમ સંસ્કાર માટે જતી ગાડીને આ રીતે રસ્તા પર રોકાવું પડતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા શહેરના વોર્ડ નંબર 13 ના ઉમેદવારો દ્વારા એક ભવ્ય પ્રચાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી જ્યારે શહેરની જૂની કલેક્ટર કચેરી પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે કાર્યકરો અને વાહનોના કાફલાને કારણે રસ્તા પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. રેલીના ઉત્સાહમાં નેતાઓ અને કાર્યકરો એટલા મગ્ન હતા કે સામાન્ય નાગરિકોને પડતી અગવડ તરફ કોઈનું ધ્યાન ગયું નહોતું. આ ટ્રાફિક જામની સ્થિતિ એટલી ગંભીર હતી કે રસ્તા પરથી પસાર થઈ રહેલી એક શબવાહિની પણ તેમાં ફસાઈ ગઈ હતી. સોળમાં સંસ્કાર એટલે કે અંતિમ સંસ્કાર માટે જતી આ ગાડીને ટ્રાફિકમાં ઊભા રહેવાની ફરજ પડી હતી. સામાન્ય રીતે એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ કે શબવાહિની જેવા ઈમરજન્સી વાહનોને રસ્તો આપવો એ નૈતિક ફરજ ગણાય છે, પરંતુ રાજકીય શક્તિ પ્રદર્શન વચ્ચે આ માનવતા વિસરાઈ હોય તેવું જણાતું હતું. વડોદરામાં ટ્રાફિકની સમસ્યા તો રોજિંદી છે, પરંતુ જ્યારે કોઈના દુઃખદ સમયે આ પ્રકારે રાજકીય રેલીઓ અવરોધ બને ત્યારે સમાજની સંવેદનશીલતા પર પ્રશ્નો ઊભા થાય છે. પ્રચાર કરવો એ લોકશાહીનો ભાગ છે, પરંતુ તે અન્ય નાગરિકો કે ખાસ કરીને આ પ્રકારની કટોકટીની સ્થિતિમાં અવરોધ ન બને તેનું ધ્યાન રાખવું અત્યંત અનિવાર્ય છે.

ડભોઇ-વેગા રોડ પર ગમખ્વાર અકસ્માત

નોકરી પરથી પરત ફરી રહેલા બાઈક સવાર યુવકની કન્ટેનર સાથે ભયાનક ટક્કર

(પ્રતિનિધિ), વડોદરા. તા.24

ડભોઈ નજીક આવેલા વેગા ગામ પાસે આજે એક અકસ્માતની ઘટના સામે આવી છે. નોકરી પૂરી કરીને પોતાના ઘરે પરત ફરી રહેલા એક યુવકની બાઈક માર્ગ પર ઉભેલા કન્ટેનર સાથે ધડાકાભેર અથડાતા સર્જાયેલા આ અકસ્માતમાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. અકસ્માતને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક યુવકને સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, યુવક પોતાની રોજિંદી નોકરી પૂર્ણ કરીને બાઈક પર સવાર થઈને ઘરે જઈ રહ્યો હતો. વેગા ગામ નજીક પહોંચતા જ માર્ગની સાઈડમાં પાર્ક કરેલા એક કન્ટેનર પાછળ યુવકની બાઈક અચાનક અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને યુવક ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો.

અકસ્માતની જાણ થતા જ આસપાસના રાહદારીઓ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. યુવકના માથાના ભાગે અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવ્યું હતું. સ્થિતિ ગંભીર હોવાથી, લોકોએ માનવતા દાખવી ત્વરિત એમ્બ્યુલન્સની મદદથી યુવકને પહેલા ડભોઈની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જોકે, પ્રાથમિક સારવાર બાદ યુવકને વડોદરાની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે, જ્યાં હાલ તે તબીબોની દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યો છે.

અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકટોળા જમા થઈ ગયા હતા, જેના કારણે ડભોઈ-વેગા હાઈવે પર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. અકસ્માતને કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી ટ્રાફિકને હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી અને વાહન વ્યવહારને ફરી પૂર્વવત કર્યો હતો. સદનસીબે આ બનાવમાં કોઈ મોટી જાનહાનિ થવા પામી નથી.

ચૂંટણીમાં કારખાના શ્રમયોગીઓ તેમજ મજૂરોને સવેતન રજા આપવા સુચના

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સંયુક્ત નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વડોદરા દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આગામી તા.૨૬/૦૪/૨૦૨૬ રવિવારના રોજ ગુજરાત સ્થાનિક સ્વરાજયની ચૂંટણી - ૨૦૨૬ યોજાનાર છે. આ દિવસે જે તે વિસ્તારમાં કારખાના ધારા-૧૯૪૮ હેઠળના (ઔધોગિક એકમો) કારખાનામાં કામ કરતા શ્રમયોગી તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ-૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પર કામ કરતા શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ ૧૩૫(બી) મુજબ કારખાના ધારા-૧૯૪૮ હેઠળના કારખાના શ્રમયોગી તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ ૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થાઓ/સાઈટ પર કામ કરતાં શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે.

આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો શ્રમયોગી/કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યકિત રજા જાહેર ન થઇ હોય અને જે પગાર મળવાપાત્ર થતો હોય તેટલો પગાર ચુકવવાનો રહેશે.

જે મતદારની ગેરહાજરીથી જોખમ ઉભુ થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરુધ્ધનું વર્તન કરશે તો આ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ જણાવાયું છે.

અર્થ વીક નિમિત્તે વડોદરામાં ચાર્જઝોન-બિલિયનઈનું વૃક્ષારોપણ અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

અર્થ વીક નિમિત્તે ચાર્જઝોન અને બિલિયનઈ મોબિલિટીએ વડોદરામાં વૃક્ષારોપણ અભિયાન યોજીને પર્યાવરણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ ટ્રી લવર્સ ફાઉન્ડેશન, વડોદરા અને બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશનના સહયોગથી યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ટ્રી લવર્સ ફાઉન્ડેશનના અનિલ પટેલે શહેરી વિસ્તારોમાં વૃક્ષારોપણનું મહત્વ સમજાવ્યું અને જણાવ્યું કે વૃક્ષો ગરમી ઘટાડવા, પ્રદૂષણ નિયંત્રણ અને જૈવ વિવિધતા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ચાર્જઝોનના ડિરેક્ટર રવીન્દ્ર મોહને પોતાના સંબોધનમાં જણાવ્યું કે પર્યાવરણનું સંરક્ષણ માત્ર સંસ્થાની ફરજ નથી, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. સ્વચ્છ ઊર્જા સાથે હરિયાળું ભવિષ્ય બનાવવું સમયની જરૂરિયાત બની છે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ મળીને વૃક્ષો વાવ્યા અને તેમની સંભાળ રાખવાનો સંકલ્પ લીધો. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૩૧૧થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે, જે શહેરના પર્યાવરણ સુધારામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

વહીવટી તંત્રની કામગીરી પર પ્રશ્નાર્થ ચિન્હો

કેવડાબાગ પાસે મહિના પહેલા બનેલા લાખોના નવા રોડનું 'સ્તર' બેસી ગયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.24

એક તરફ સ્માર્ટ સિટી વડોદરાના વિકાસના મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ વહીવટી તંત્રની કામગીરી પર પ્રશ્નાર્થ ચિન્હો લાગી રહ્યા છે. શહેરના વોર્ડ નંબર 13 માં આવતા કેવડાબાગ વિસ્તારમાં માત્ર એક મહિના પહેલા જ લાખોના ખર્ચે બનાવવામાં આવેલો નવો રોડ અત્યારે ભ્રષ્ટાચારની ચાડી ખાઈ રહ્યો છે. અહીં રસ્તાની વચ્ચે 'ભૂવો' પડતા તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, કેવડાબાગ પાસેના આ રોડનું કામ ખૂબ જ ટૂંકા સમય પહેલા કરવામાં આવ્યું હતું. કામગીરી સમયે જ ગુણવત્તાને લઈને સ્થાનિકોએ સવાલો ઉઠાવ્યા હતા, પરંતુ અધિકારીઓની આંખે પાટા બાંધેલા હોય તેમ કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું. રોડ બેસી જવાની ઘટનાઓ નવી નથી, પરંતુ જે રસ્તો માંડ 30 દિવસ પણ ન ટક્યો હોય તે તંત્રના કથિત 'ગુણવત્તાયુક્ત' કામગીરીના દાવાની પોલ ખોલી નાખે છે.

કેવડાબાગ જેવા વ્યસ્ત વિસ્તારમાં પડેલો આ ભૂવો વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. જો કોઈ રાત્રિના સમયે અજાણ્યો વાહનચાલક અહીંથી પસાર થાય, તો મોટી દુર્ઘટના સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. રહીશોનો આક્ષેપ છે કે, રોડ બનાવતી વખતે નીચેની પાઈપલાઈન કે ડ્રેનેજ લાઈનના લીકેજને યોગ્ય રીતે રિપેર કર્યા વગર જ તેના પર ડામર પાથરી દેવામાં આવ્યો હતો, જેનું પરિણામ આજે પ્રજાએ ભોગવવું પડી રહ્યું છે. હાલમાં ગરમી નું તાપમાન પણ વધુ હોવાને કારણે ડામર પણ પીગળી રહ્યો છે. પીગળતા ડામર ને કારણે ચાલીને જતાં રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આટલી જલ્દી રોડ બેસી જવો તે સ્પષ્ટપણે કામગીરીમાં વપરાયેલી નબળી સામગ્રી અને ઈજનેરી ખામી દર્શાવે છે. પ્રશ્ન એ થાય છે કે, શું કોન્ટ્રાક્ટરે કામ પૂરું કર્યા પછી તેના પર વળતર કે 'ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ' અંતર્ગત કોઈ તપાસ કરવામાં આવતી નથી ? શું પાલિકાના જવાબદાર અધિકારીઓ ફક્ત બિલ પાસ કરવા માટે જ બેઠા છે ?

વોર્ડ નંબર 13 ના જાગૃત નાગરિકોએ માગણી કરી છે કે, વહેલી તકે આ ભૂવાનું રિપેરિંગ કરવામાં આવે અને આ કામ કરનાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં આવે. સાથે જ, જે અધિકારીઓની દેખરેખ હેઠળ આ કામ થયું હતું, તેમની તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે. સ્માર્ટ સિટીના નામે કરદાતાઓના પૈસાનો આ પ્રકારે વેડફાટ વડોદરાવાસીઓને ક્યાં સુધી સહન કરવો પડશે ? તે હવે મોટો સવાલ છે.

નવયુગ સ્કૂલના બાળકો દ્વારા મતદાન અવરનેસ અંતર્ગત શેરી નાટક યોજાયુ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

નવયુગ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, સમા શાળાના બાળકો દ્વારા તારીખ ૨૩/૪/૨૬ ના રોજ Election Awareness લાવવાનો પ્રયાસ શેરી નાટક દ્વારા કર્યો. જેમાં ચૂંટાયેલા ઉમેદવારની નાગરિક પ્રત્યે શું ફરજ છે અને આજનો યુવાન વર્ગ જે સુશિક્ષિત અને ટેકનોલોજી સાથે જોડાયેલો છે તે આમાં રસ લે અને દેશના વિકાસમાટે મહત્ત્વનો ભાગ ભજવે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (નગરપાલિકા, પંચાયત અને મહાનગરપાલિકા) માટેની ચૂંટણી ૨૬/૪/૨૦૨૬ ના રવિવારે યોજાશે તેના સંદર્ભમાં યુવાનો અને સામાન્ય જનતા બંને માટે ચૂંટણી જાગૃતિ મહત્વપૂર્ણ છે કારણ કે તે લોકશાહીને મજબૂત બનાવે છે અને જવાબદાર નાગરિકત્વને પ્રોત્સાહન આપે છે. ચૂંટણીઓ લોકોને એવા નેતાઓ પસંદ કરવાની મંજૂરી આપે છે જે તેમની જરૂરિયાતોનું પ્રતિનિધિત્વ કરે છે અને દેશની પ્રગતિ માટે કાર્ય કરે છે. જ્યારે નાગરિકો તેમના મતદાન અધિકારો અને જવાબદારીઓથી વાકેફ હોય છે, ત્યારે તેઓ જાણકાર નિર્ણયો લઈ શકે છે.

[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8(6) r/w 9(1) ની જોગવાઈ જુઓ]

સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ માટે જાહેર સૂચના

એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

સીઆઈએનઃ U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઇસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કાલિના, મુંબઈ-400098

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટ્રસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ, 2002) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના (નિયમ) નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈઓ સાથે વાંચતા ગીરે મૂકાયેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓની નાણાકીય સુવિધાઓ (હવે પછી 'અસાઈનર' તરીકે ઓળખવામાં આવશે) એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને તેની ક્ષમતામાં વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓ તરીકે અસાઈન કરવામાં આવી છે જે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઇનમેન્ટના અનુસંધાનમાં, EARC એ અસાઇનરના રૂપમાં સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના 13(4) અને તેના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સિક્યોર્ડ મિલકતનો કબજો લીધો હતો.

30 દિવસની નોટિસ આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર, સહ-ઉધાર લેનાર અને બાંયધરી આપનાર(ઓ)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સિક્યોર્ડ અસ્કયામતો સિક્યોર્ડ ક્રેડિટરની તરફેણમાં ગીરો છે જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે અને તેને વ્યાજ સાથે EARCને લેવાની નીકળતી નીચે દર્શાવેલ રકમની વસૂલાત માટે, "એઝ ઈઝ વ્હેર ઈઝ", "એઝ ઈઝ વ્હોટ ઈઝ", અને "વ્હોટેવર ધેઅર ઈઝ" આધારે વેચવામાં આવશે. અને EARC દ્વારા ઋણ લેનાર અને બાંયધરી આપનાર પાસેથી પુનઃપ્રાપ્ત કરાયેલા કોઈપણ નાણાંને કાપી તેના પર આગળનું વ્યાજ અને અન્ય ખર્ચ/લાગત સાથેની કુલ રકમને વસુલવા આ વેચાણ કરાશે. દરેક પ્રોપર્ટી માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે દર્શાવેલ છે.

ઈ-હરાજી માટે મુકવામાં આવેલી સુરક્ષિત મિલકતની વિગતોઃ

લોન એકાઉન્ટ નંબર/ વેચાણ કરતી સંસ્થા	લેણદાર/ સહ-લેણદાર/ જામીનદાર/ ગીરો રાખનારનું નામ	ટ્રસ્ટનું નામ	૨૩/૦૪/૨૦૨૬ ના રોજ સુધીનું કુલ બાકી લેણું રૂપિયામાં	રિઝર્વ પ્રાઇસ (રૂપિયામાં)	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (રૂપિયામાં)	હરાજીની તારીખ અને સમય	કબજાનો પ્રકાર
5392058 & 12861423 / HDBFS	શ્રી હર્ષરાજ હરિવદન પટેલ (ઋણ લેનાર) અને શ્રીમતી તૃષા હર્ષરાજ પટેલ (સહ-ઋણ લેનાર)	EARC-TRUST-SC-483	લોન નં. 12861423 માટે Rs 2,07,256.93 અને લોન નં. 5392058 માટે Rs 24,22,618.10	Rs. 18,80,000/-	Rs. 1,88,000/-	28-05-2026 અને બપોરે 12:00 વાગે	વાસ્તવિક

મિલકતનું વર્ણનઃ ગોધરા શહેર ટીકા નં 15, લોટ નં- 10/1 ના તમામ ભાગ, ક્ષેત્રફળ 56-02-07 ચો.મી., તેના પર બાંધેલ ઘર નં- 9/1/1027, (ખુલ્લી જમીન), જે ગોધરા કસબા, તા- ગોધરા, જી- પંચમહાલ ખાતે આવેલ છે. મિલકતની સીમાઓઃ પૂર્વઃ સંજયભાઈ શાહનું ઘર, પશ્ચિમઃ નેવેરુ, ઉત્તરઃ ગોપાલભાઈ શાહનું ઘર, દક્ષિણઃ ચિમનલાલ વોલંદનું ઘર

હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્વની માહિતીઃ

1.	ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) ''EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT''ના ફેવરમાં અને પેબેલ એટ મુંબઈ હોવા જોઈએ	
2.	RTGS મારફતે ઈએમડીની ચુકવણી 'EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT'ના - એકાઉન્ટ નં. 000405158602, બેન્કનું નામઃ ICICI BANK; IFSC કોડઃ IFSCICIC0000004.	
3.	EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ	હરાજીની તારીખના 1 દિવસ પહેલા પ્રાપ્ત થાય
4.	બિડ્સ સબમિશન માટેનું સ્થળ	પહેલો માળ, એડલવાઇસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098
5.	હરાજીનું સ્થળ (ઓક્શન માટેની વેબ સાઇટ)	ઈ-ઓક્શન (https://auction.edelweissarc.in)
6.	સંપર્ક કરવા માટેનો ટોલ ફ્રી નંબર	18002666540
7.	મિલકતનું નિરીક્ષણની તારીખ અને સમય	અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી

વેચાણની વિગતો અને શરતો માટે, કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.in પર જવું.

તારીખઃ 25-4-2026 અધિકૃત અધિકારી

સ્થળઃ મુંબઈ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ માટે

Edelweiss Asset Reconstruction

સાયક્લોપીડિયન દ્વારા પુસ્તક એક્સચેન્જ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

બરોડા સાયક્લોપીડિયન ની ટીમ એ વોહરા ક્લાસિસ ખાતે સ્ટુડન્ટ્સ બુક સાયકલ નો પ્રોગ્રામ રાખ્યો હતો. સ્ટુડન્ટ્સ બુક સાયકલ યાની એક વિદ્યાર્થી પોતાની પુસ્તકો બીજા ઝરૂરત મંદ વિદ્યાર્થીઓ ને આપે. આ એક તરહ નું પુસ્તક એક્સચેન્જ છે.

ધોરણ ૫ થી ૧૨ સુધી ની બુક્સ લેવામાં આવી હતી અને જેને આ બુક્સ ની ઝરૂરત હતી તેઓ આવીને સેટ્સ લઈ ગયા હતા. બધા કરતા વધુ માંગ ધો ૧૦ થી ૧૨ ની બુક્સ ની હતી.

હજુ પણ બુક્સ ની ઈન્ક્વાયરી ચાલુ છે અને આ પ્રોગ્રામ પછી પણ જેને ઝરૂરત હશે એમને બુક્સ આપતા રહીશું. કેટલાક ધોરણો નું પરિણામ આવ્યું નથી તેઓ પણ પછી થી આ બુક સાયકલ અંતર્ગત લાભ લઈ શકશે.

આવનાર ટાઈમ માં સ્કૂલ સિવાય કૉલેજ ની બુક્સ નો પણ સમાવેશ કરીશું. JEE ane NEET ni બુક્સ પણ આ પ્રોગ્રામ માં આવી છે.

જવાનોની ત્વરિત કાર્યવાહીને કારણે મોટી ચોરી થતી અટકી

SSG હોસ્પિટલમાં ચોરીનો કારસો નિષ્ફળ, સિક્યુરિટી જવાનોની સતર્કતાથી ચોર ટોળકી રંગેહાથ ઝડપાઈ

રાવપુરા પોલીસ દ્વારા ટોળકીની પૂછપરછ હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા. તા.24

વડોદરાની સયાજી હોસ્પિટલ કેમ્પસમાં ગત મોડી રાત્રે ચોરી કરવાના ઈરાદે ઘૂસેલી એક શંકાસ્પદ ચોર ટોળકીને હોસ્પિટલના સિક્યુરિટી જવાનોએ પોતાની સતર્કતા અને સમયસૂચકતા વાપરીને રંગેહાથ ઝડપી પાડી છે. આ ઘટનાને પગલે હોસ્પિટલ પરિસરમાં સિક્યુરિટી વ્યવસ્થા પર સવાલો ઉભા થયા છે, પરંતુ જવાનોની ત્વરિત કાર્યવાહીને કારણે મોટી ચોરી થતી અટકી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રિના સુમારે SSG હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફના જવાનો પોતાની ફરજ પર તૈનાત હતા. તે દરમિયાન, અંધારાનો લાભ લઈને હોસ્પિટલ પરિસરમાં શંકાસ્પદ રીતે ફરી રહેલા કેટલાક ઈસમો જવાનોની નજરે ચડ્યા હતા. જવાનોને તેમની હિલચાલ જોતા કંઈક અજુગતું લાગતા, તેઓએ તાત્કાલિક સાવધ થઈને આ ટોળકીને ઘેરી લીધી હતી.

સિક્યુરિટી જવાનો દ્વારા જ્યારે આ શંકાસ્પદ ઈસમોની સઘન પૂછપરછ અને તપાસ કરવામાં આવી, ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. આ ટોળકી પાસેથી તાળા તોડવા માટે વપરાતા પક્કડ અને કટિંગ કરવા માટેની ખાસ બ્લેડો સહિતના ચોરીના સાધનો મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ચોર ટોળકી હોસ્પિટલના કોઈ વિભાગ કે દર્દીઓના સામાનને નિશાન બનાવવાના ઈરાદે આવી હોવાનું જણાઈ આવ્યું હતું.

સિક્યુરિટી જવાનોએ તાત્કાલિક આ અંગે રાવપુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ રાવપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સિક્યુરિટી જવાનોના કબજામાંથી આ તમામ ચોરોનો કબજો સંભાળી લીધો હતો અને વધુ તપાસ માટે તેઓને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

SSG હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફની આ ત્વરિત કાર્યવાહીની હોસ્પિટલ વહીવટી તંત્ર અને સ્થાનિક લોકોમાં ભારે ચર્ચા જાગી છે. જો સિક્યુરિટી જવાનોએ રાત્રિના સમયે આવી સતર્કતા ન બતાવી હોત, તો હોસ્પિટલમાં કોઈ મોટી ચોરી કે અનિચ્છનીય બનાવ બની શક્યો હોત. હાલ રાવપુરા પોલીસ આ ટોળકીની પૂછપરછ કરી રહી છે કે શું તેઓ અગાઉ પણ હોસ્પિટલમાં ચોરી કરી ચૂક્યા છે કે કેમ.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૩.૧૨.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. શ્રીધીકભાઈ પાટણવાડીયા ૨. દક્ષાબેન પાટણવાડીયા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૫,૬૧,૨૦૪.૩૭/- (અંકે પાચ લાખ એકસઠ હજાર બસો ચાર અને સાડત્રીસ પૈસા પુરા) તા.૧૧.૧૨.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૨ મી એપ્રીલ ૨૦૨૬** ના રોજ આ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૫,૬૧,૨૦૪.૩૭/- (અંકે પાચ લાખ એકસઠ હજાર બસો ચાર અને સાડત્રીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ૫૦/૧ મિલકત એરીયા ૨૪૪૬.૪૫ ચો.ફુટ ખોડીયાર માતા મંદિર ફળીયુ. નવાપુરા ભાગોળ, મું ભીલાપુર,તાલુકા ડભોઈ, જીલ્લા વડોદરા, ગુજરાત-૩૯૧૧૦૭ ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા **પુર્વે :** પાટણવાડીયા નાગજીભાઈ મોહનભાઈ ની મિલકત, **પશ્ચિમે :** પાટણવાડીયા અમરસંગ ગોવિંદભાઈ ની મિલકત, **ઉત્તરે :** પાટણવાડીયા જેસંગભાઈ મોહનભાઈ ની મિલકત, **દક્ષિણે :** પાટણવાડીયા રાજેન્દ્ર હિમ્મતભાઈ ની મિલકત આવેલ છે.

તારીખ : ૨૨-૦૪-૨૦૨૬ સહિ/- અધિકૃત અધિકારી,

સ્થળ : ગુજરાત આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.

લોન ખાતા નં.: ૯૭૭૨૫૮૨૪ અને ૫૫૨૪૭૧૫૬ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૬૪૩૧૪૬૫૫	મિલકત સામે લોન	૧. બારીયા જીતેન્દ્રભાઈ ચીમનભાઈ ૨. બારીય સુરેશચંદ્ર	૧૩.૦૪.૨૦૨૬	રૂા.૭,૫૧,૨૪૦.૭૩

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગ્રામ પંચાયત ની મિલકત નં. ૨૯૧ ઘર નં. ૨૯૪ મિલકત નો એરીયા ૯૦૦ ચો ફુટ મોજે ગામ છીપોકાઈ (નંદપુર) તા. રાંખેડા, જી. છોટાઉદેપુર ગુજરાત-૩૯૧૪૫ ખાતે આવેલ છે. **પૂર્વ તરફ :** રોડ **પશ્ચિમ તરફ :** માલિક નો વાડો,:**ઉત્તર તરફ :**બારીયા પ્રભાતભાઈ નટવરભાઈ નુ ઘર,**દક્ષિણ તરફ :** બારીયા બાબુભાઈ ભાઈલાલ નું ઘર આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.

તારીખ : ૨૫.૦૪.૨૦૨૬ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી

સ્થળ : વડોદરા અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)